ક્રિમીનલ કેસ નં. ૪૬૧૦/૨૦૨૪
આંક – ૧૧

**<u>આરોપીની જુબાની</u>**

**<u>દાહોદના મહે એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની રૂબરૂ હાજર થઈ લખાવુ છુ</u>**

મારૂ નામ :– ચૌહાણ નરેન્દ્રકેમાર નર્વતસિંહ

મારા પિતાનું નામ :– ચૌહાણ નર્વતસિંહ દલપતસિંહ

મારી ઉંમર આશરે :– ૪૨

ધંધો :–નોકરી

રહેનાર :–૧૩૯, મોટાગામમાં, મુ.રૈયોલી, સુતરીયા, તા.બાલાસિનોર, જી.ખેડા મો.નં.૭૦૪૩૮૦૬૪૮૮

**સવાલ** **:–** તમોને ફરીયાદીના કેસના કાગળોની નકલો વિના મુલ્યે મળેલ છે ?

**જવાબ** **:–** હાજી.

**સવાલ** **:–** ફરીયાદી બેન્ક મેનેજર તરીકે દાહોદ બ્રાન્ચ એસબીઆઈ બેન્કમા ફરજ બજાવે છે અને તમો આરોપીને પર્સનલ લોન **રૂ.૯,૦૦,૦૦૦/–**ની જરુરીયાત હોય મેળવવા માટે તા.૧૭/૦૩/૨૩ના રોજ અરજી કરેલ અને લોન **ખાતા નં. ૪૧૭૬૪૩૭૩૬૮૨**થી લોન ધીરાણ આપેલ અને માસીક **રૂ.૧૮,૦૬૭/–**નો હપ્તા લેખે કુલ **૭૨** લોનના હપ્તા એગ્રીમેન્ટ કરેલ અને ત્યારબાદ ઓવરડયુ હપ્તા થતા તમારો પાસે ઉઘરાણી કરતા તમોએ લોન ચુકવવાની જવાબદારી પેટે એસબીઆઈ બેન્ક બારેજાશાખાનો **ખાતા નં. ૪૦૩૭૩૭૯૬૩૨૬**નો ચેક **નં. ૨૨૮૨૪૯** રૂ.૮,૫૨,૩૦૦/**–નો તા.૧૮/૦૫/૨૪**ના રોજ લખી આપેલ જે ચેક ફરીયાદીએ પોતાના દાહોદ એસબીઆઈ બસ સ્ટેશનરોડ શાખામા જમા કરાવતા **ફંડસ ઈન્સુફીસીયન્ટના** શેરા સાથે પરત ફરેલ ત્યારબાદ **તા.૩૧/૦૭/૨૪**ના રોજ ફરીયાદીએ પોતાના વકીલશ્રી મારફત આરપીએડીથી નોટીસ મોકલાવેલી જે નોટીસ **૦૨/૦૮/૨૪**ના રોજ તમોને બજી ગયેલ હોવા છતાં પણ નોટીસ મુજબ વર્તન ન કરતા તેમ કરીને તમોએ નેગોશ્યીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શીક્ષાને પાત્ર ગુનો કરેલ છે તમોને ગુનો કબુલ છે.

**જવાબ :–** ના જી મને ગુનો કબુલ નથી મારે કેસ આગળ ચલાવવો છે.

**સવાલ :–** ફરીયાદીએ ફરીયાદની સાથે રજુ રાખેલ **આંક–૪**ની સોગંધ ઉપરની સરતપાસમાં દસ્તાવેજી પુરાવા **આંક–૧૨ થી આંક–૨૦** અસલ રજુ રાખેલ છે.તો તમારે આ દસ્તાવેજની વીગતો બાબતે તમો આરોપીએ શુ કહેવુ છે?

**જવાબ :–** લોન મંજુર કરતા પહેલા અગાઉથી લઈ લીધેલા કોરા ચેકોનો દુરુપયોગ કરી ખોટી ફરીયાદ દાખલ કરેલ છે.

**સવાલ:–** તમો ફરીયાદીને નાણા પરત કરવા માગો છો કે નેગોશ્યીએબલ ઈન્સ્ટ્રેમેન્ટ એકટની કલમ–૧૪૫મુજબ તમો તમારો બચાવ રજુ કરવા માગો છો.

**જવાબ :–** ખોટો કેસ કરેલ છે. બચાવ રજુ કરવા માગીએ છીએ.

તારીખ– ૦૭/૦૪/૨૦૨૫

સ્થળ – દાહોદ.

............................................ મારી રૂબરૂ

આરોપીની સહિ.

( નિમિષા ગંગારામભાઈ સુરતી )
એડીશ્નલ ચીફ જ્યુડી.મેજી.દાહોદ.
જી.જે.૦૦૭૧૧